અપીલ અરજી નં.૧૪૩ તા.૩–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી કિરીટકુમાર એમ. શેઠ
સામાવાળાઃ–એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (લીંબાયતઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી કિરીટકુમાર એમ. શેઠની આઈડી. નં.૭૬ તા.૧૭–૬–૦૯ ની અરજીથી મુદ્દા નં.(૧) ઝોન ઓફિસમાં નામ ટ્રાન્સફર તથા નવી આકારણી ફોર્મ સ્વીકારવામાં આવે છે તો તેનો અમલ કયારે થશે? મુદ્દા નં.(૨) '૦' નંબર રોડ ઉપર લારી ગલ્લાવાળાઓને કોર્પોરેશન હોકીંગ ઝોન માટે લાયસન્સ આપી શકે છે? જો આપી શકતી હોય તો ભાઠેના ૧ ઉપર શા માટે લારી ગલ્લાવાળાઓને લાયસન્સ નથી આપતી? મુદ્દા નં.(૩) ભાઠેનાથી જીવન જયોત '૦' નંબર આવતો હોય તો તા.૨૪–૪–૦૮ ની જપ્ત કરેલ બે લારી કાપડની ટેલરના કપડા અને બીજી દુકાનનું રસનું કોલુ કેમ પરત આપવામાં આવ્યુ?. (લારી નં.૨૮૬,૨૮૯) અને કેટલી પેનલ્ટી લઈને? ટેલર પાસેથી કેટલી પેનલ્ટી લીધી?, મુદ્દા નં.(૪) ભાઠેના ૧૮૧ માં એપ્રિલ ૩,૪ તારીખે દબાણ આવેલું તેમાં ફકત એક કેબીન જપ્ત કરવામાં આવેલ અને ૧૫ દિવસ પછી કેટલી પેનલ્ટી લઈને છોડવામાં આવ્યુ? શું તે '૦' નંબર ઉપર નથી? (ઉમિયામાતાના મંદિરના સામેના રોડ ઉપર) ની માહિતી આપવા બાબત તથા આઈ ડી નં.૨૨ તા.૪–૫–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ લારી ગલ્લા હોર્ડીંગ માટે ૦ નંબર કરવામાં આવેલ છે.? તા.૨૪–૪–૦૮ ના રોજ ભાઠેના–૧ (૧૮૧) ઉપરથી કેટલી લારી જપ્ત કરવામાં આવી અને કેટલી લારી કોની ભલામણથી છોડાવામાં આવી? તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** ***:***– અરજદાર મજકુરની તા.૩–૮–'૦૯ ની અપીલ અરજી નં. ૧૪૩/૦૯–૧૦

શ્રી કિરીટકુમાર એમ. શેઠની આઈડી. નં.૭૬ તા.૧૭–૬–૦૯ ની અરજીથી મુદ્દા નં.(૧) ઝોન ઓફિસમાં નામ ટ્રાન્સફર તથા નવી આકારણી ફોર્મ સ્વીકારવામાં આવે છે તો તેનો અમલ કયારે થશે? મુદ્દા નં.(૨) '૦' નંબર રોડ ઉપર લારી ગલ્લાવાળાઓને કોર્પોરેશન હોકીંગ ઝોન માટે લાયસન્સ આપી શકે છે? જો આપી શકતી હોય તો ભાઠેના ૧ ઉપર શા માટે લારી ગલ્લાવાળાઓને લાયસન્સ નથી આપતી? મુદ્દા નં.(૩) ભાઠેનાથી જીવન જયોત '૦' નંબર આવતો હોય તો તા.૨૪–૪–૦૮ ની જપ્ત કરેલ બે લારી કાપડની ટેલરના કપડા અને બીજી દુકાનનું રસનું કોલુ કેમ પરત આપવામાં આવ્યુ?. (લારી નં.૨૮૬,૨૮૯) અને કેટલી પેનલ્ટી લઈને? ટેલર પાસેથી કેટલી પેનલ્ટી લીધી?, મુદ્દા નં.(૪) ભાઠેના ૧૮૧ માં એપ્રિલ ૩,૪ તારીખે દબાણ આવેલું તેમાં ફકત એક કેબીન જપ્ત કરવામાં આવેલ અને ૧૫ દિવસ પછી કેટલી પેનલ્ટી લઈને છોડવામાં આવ્યુ? શું તે '૦' નંબર ઉપર નથી? (ઉમિયામાતાના મંદિરના સામેના રોડ ઉપર) ની માહિતી આપવા બાબત તથા આઈ ડી નં.૨૨ તા.૪–૫–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ લારી ગલ્લા હોર્ડીંગ માટે ૦ નંબર કરવામાં આવેલ છે.? તા.૨૪–૪–૦૮ ના રોજ ભાઠેના–૧ (૧ ૮૧) ઉપરથી કેટલી લારી જપ્ત કરવામાં આવી અને કેટલી લારી કોની ભલામણથી છોડાવામાં આવી ? તેની માહિતી આપવા બાબતે અપીલમાં નિર્દિષ્ટ તા.૪–૫–૦૮ જયારે દફતરે મળેલ પ્રત્યુત્તરમાં જણાવ્યા મુજબ તા.૪–૫–૦૯ ની અરજીના મુદ્દા નં.૧ તથા મુદ્દા નં.૩ અને ૪ ની માહિતીનો જવાબ ખોટો છે તેવું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૮–૦૯ થી દિન–૩૮ના વિલંબથી અપીલ કરવામાં આવેલ છે.

જે બાબતે અરજદારના તા.૩–૮–૦૯ ના પત્રના અનુસંધાને અત્રેની કચેરીએ થી પત્ર નં. આર.ટી.આઈ. સેલ ૫૧૦ તા.૧ ૩–૮–૦૯થી અરજદારની વીજીલન્સ તપાસની માંગણી બાબતે અરજી લાગત ખાતાને રવાના કરી અરજદારને માહિતીની નારાજગી બાબતે કલમ ૧૯(૧) હેઠળ ઈચ્છુક હોય તો અપીલ કરવા પત્ર પાઠવવામાં આવેલ ત્યારબાદ અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૫૪ તા.૨૮–૮–૦૯ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને તા.૪–૫–૦૮ ની અરજીથી માંગેલ માહિતી તા.૨૭–૫–૦૮ ના રોજ મળી ગયેલ છે તેવું અપીલ અરજીમાં જણાવેલ છે પરંતુ જાહેર માહિતી અધિકારીના આપેલ માહિતીનો પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૫૩૮ તા.૨૭–૫–૦૯ ના રોજ પૂરી પાડેલ જણાય છે. જે બાબતે માહિતી ખોટી છે તેવું જણાવી અરજદારે કરેલ અપીલ અંગે તે બાબતે સ્પષ્ટતા થવા તથા મુળ અરજીની નકલ અને ફી ભર્યાની વિગત રજૂ કરવા પુનઃ પત્ર પાઠવવામાં આવેલ. તેમ છતાં અરજદારે અપીલ સાથે કે અપીલ તબકકે પત્રોની વિગતો પૂરી પાડેલ નથી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઈ.ઝોન/૨૦૫૭ તા.૮–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની તા.૪–૫–૦૯ ની મુળ અરજીની નકલ, તથા પત્ર નં.૫૦૮ તા.૨૫–૫–૦૯ ના રોજ મુદ્દા નં.૨ આંશિક અંગે પોલીસ કમિશ્નરને તબદીલ કર્યાની નકલ, તથા તે અંગે અરજદારને આપેલ માહિતીનો પત્ર ક્રમાંક સા.ઈ.ઝોન/૩૩૮ તા.૨૭–૫–૦૯ ની નકલ, તથા તેની યુપીસી કર્યાનો પુરાવો , તથા તા.૧૭–૬–૦૯ ની મુળ અરજીની નકલ , તથા તે અંગે અરજદારને આપેલ માહિતી પત્ર ક્રમાંક સા.ઈ.ઝોન/૧૧૬૩ તા.૧૫–૭–૦૯ ની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૩–૮–૦૯ ના રોજ ડે.કમિશ્નર(જન.) ને પત્ર પાઠવી તા.૪–૫–૦૯ અને તા.તા.૨૭–૫–૦૯ બંને માંગેલ માહિતી ખોટી આપી હોવાના વીજીલન્સ મારફતે તપાસ કરાવવા બાબત હેઠળ કરેલ પત્ર નકલ મ્યુ. કમિશ્નરશ્રીને પણ આપેલ જે નકલ લીંબાયતઝોનને મોકલવામાં આવેલ જે લીંબાયતઝોન મારફતે નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૫૭૬ તા.૧૧–૮–૦૯ ના રોજ અત્રેના વિભાગને મળેલ. જેના અનુસંધાને અરજદારને તથા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારીને નં.આરટીઆઈ સેલ/૫૧૦ તા.૧૩–૮–૦૯ થી પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદાર તરફથી અપીલનો આધાર અને વાજબીપણું રજૂ કરવા માટે તથા મુળ અરજીની નકલ ફી ભર્યાની વિગત મળેલ જવાબની નારાજગી વિગેરે બાબતે ફોર્મ 'જ' મોકલી આપવા જણાવેલ. તેમ છતાં અરજદાર તરફથી અપીલ અંગેનું કોઈ વિગતો ભરીને વિગતો રજૂ કરવામાં આવેલ નથી તેમજ તે અંગે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારીને વીજીલન્સ તપાસ અર્થે પાઠવેલ પત્રની અરજદારની જાણ હેઠળ મોકલવામાં આવેલ.

આમ અરજદારને અત્રેથી પાઠવેલ પત્રો અંગે કોઈ વિગતો મળેલ નથી કે વિલંબિત અપીલનું વ્યાજબીપણું રજુ કરેલ નથી. તેમ છતાં આરટીઆઈ એકટના હાર્દને ધ્યાનમાં રાખી અરજદારની અપીલને ગ્રાહય રાખવામાં આવેલ છે. અરજદારની તા.૪–૫–૦૯ ની અરજીના મુદ્દા નં.૧ લારી ગલ્લા હોર્ડીંગ માટે ૦ નંબર કરવામાં આવેલ છે.? તા.૨૪–૪–૦૮ ના રોજ ભાઠેના–૧ (૧૮૧) ઉપરથી કેટલી લારી જપ્ત કરવામાં આવી અને કેટલી લારી કોની ભલામણથી છોડાવામાં આવી , ફકત ભાઠેનામાંથી ચાર પાંચ લારી કયા કારણથી છોડવામાં નથી આવતી? જે બાબતે જાહેર માહિતી અધિકારીએ તા.૨૪–૪–૦૮ ના રોજ ભાઠેના–૧(૧૮૧) માંથી કુલ ૩૦ લારીઓ જપ્ત કરવામાં આવેલ. તેમાંથી '૦' દબાણ રોડની કોઈ લારીઓ છોડવામાં આવેલ નથી. જે માહિતી ખોટી હોવાની અરજદારએ અપીલ તબકકે જણાવેલ છે પરંતુ તે અંગે અપીલ તબકકે બબ્બે વાર પત્ર પાઠવ્યા છતાં દાવાના સમર્થનમાં કોઈ વાજબીપણું કે આધાર રજૂ કરેલ નથી.

મુદ્દા નં.૪તા.૨૪–૪–૦૮ પછી ૦ નંબરનો કયો હેતુ છે? હાલમાં આ રોડ ઉપર લારીઓનું જંગલ ઉભું થયેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સમયાંતરે લારી ગલ્લા ઉપાડવામાં આવેલ છે તેવી માહિતી આપવામાં આવેલ છે. અપીલમાં અરજદારે તે અંગે પણ કોઈ વિગતો અપીલ તબકકે પૂરી પાડેલ નથી. અરજદારે તા.૧૭–૬–૦૯ ની અરજીથી આપેલ માહિતીના મુદ્દા નં. (૩ ) ભાઠેનાથી જીવન જયોત '૦'નંબર આવતો હોય તો તા.૨૪–૪–૦૮ ની જપ્ત કરેલ બે લારી કાપડની ટેલરના કપડા અને બીજી દુકાનનું રસનું કોલુ કેમ પરત આપવામાં આવ્યુ?. (લારી નં.૨૮૬,૨૮૯) અને કેટલી પેનલ્ટી લઈને? ટેલર પાસેથી કેટલી પેનલ્ટી લીધી? જે અંગે જાહેર માહિતી અધિકારીએ ૦ દબાણ રોડ ઉપરથી કોઈ લારી ગલ્લા છોડવામાં આવેલ નથી ૦ દબાણ સિવાયના અન્ય રોડ ઉપરથી ઉચકવામાં આવેલ લારી નં.૨૮૬ ને જરૂરી દબાણ હટાવવા ચાર્જ રૂા.૪૦૦/– રસીદ નં.૧૪૩૯૫૯ ભરાવીને પરત આપવામાં આવેલ છે. અને લારી નં.૨૮૯ દબાણ ડેપોમાં જમાં છે અને તા.૨૪–૪–૦૮ ના રોજ કોઈ પણ કાપડ ઉપાડવામાં આવેલ નથી. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં. ૪ ભાઠેના ૧૮૧ માં એપ્રિલ ૩,૪ તારીખે દબાણ આવેલું તેમાં ફકત એક કેબીન જપ્ત કરવામાં આવેલ અને ૧૫ દિવસ પછી કેટલી પેનલ્ટી લઈને છોડવામાં આવ્યુ? શું તે '૦' નંબર ઉપર નથી? (ઉમિયામાતાના મંદિરના સામેના રોડ ઉપર) ની માહિતી આપવા બાબત. જે અંગે જાહેર માહિતી અધિકારીએ ભાઠેના ૧ ૮૧ માં ૩–૪ એપ્રિલે કોઈ પણ લારી ગલ્લા ઉંચકવામાં આવેલ નથી. સદર અરજીના મુદ્દા નં૩ અને ૪ બાબતે પણ અરજદારે અપીલ સાથે કે અપીલ તબકકે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. આમ અરજદારનેઆરટીઆઈ એકટની કલમ ૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે અંગે અરજદારને મૂળ અરજીના અનુસંધાને બંને અરજીઓમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પાડેલ જણાય છે. અરજદારે અપીલ તબકકે ૩–૪ થી લારીઓ લાલખાનભાઈની ભલામણથી છોડવામાં આવેલ છે તથા ૨૮૬ નંબરની જરૂરી દબાણ હટાવ ચાર્જ ભરેલ છે જે કોઈ પટેલની લારી રાજરતન વિડીયો ટોકીઝ સામેથી પાટીદાર પ્રેસ સામે પાનનો ગલ્લો હતો તે છોડવામાં આવેલ છે તેમજ સંદીપ રાણાની લારી (જુની લારી અન્ય જગ્યાએથી જપ્ત કરેલ છે) તેનો દંડ ત્યાં ભરીને ત્યાં જ જમા કરીને તેના બદલામાં જે લારી જપ્ત કરે તે છોડી દેવામાં આવેલ છે અને હાલ રાજરતન વિડીયો સિનેમાં સામે ભાઠેના–૨ માં ચાલુ છે અને તેની બાજુમાં બે ટેલરની દુકાનો આવેલ છે ત્યાંથી કાપડ જ પ્ત કરવામાં આવેલ. અને ચાર પાંચ દિવસ બાદ રૂા.૧૦૦૦/– લઈને બંને દરજીઓને કાપડ પરત આપેલ છે અને રસીદ પણ આપેલ નથી જેની વીજીલન્સ તપાસની માંગણી કરવામાં આવેલ છે. જે અંગે વીજીલન્સ વિભાગને નં.આરટીઆઈ સેલ/૫૧૦ તા.૧૩–૮–૦૯ ના રોજ પત્ર પાઠવી અરજદારની જાણ હેઠળ કાર્યવાહી અર્થે જણાવવામાં આવે છે. તથા અરજદારે અમારી ચાર લારીઓ ભાડાની છે તે યોગ્ય પેનલ્ટી લઈ છોડી દેવાની રજૂઆત કરેલ છે જે કાર્યવાહીને લગતી બાબત છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ ડી. નં.૨૨ તા.૪–૫–૦૯ ની માંગવામાં આવેલી માહિતી જે. તા.૨૭–૫–૦૯ ના રોજ આપવામાં આવેલ જેના મુદ્દા નં.૧ અને ૪ તથા આઈ ડી. નં.૭૬ તા.૧૭–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી તા.૧૫–૭–૦૯ થી અરજદારને આપવામાં આવેલ તેના મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી ખોટી હોવાના અપીલમાં કરેલા દાવાના સમર્થનમાં કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી અરજદારને દફતરી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ જણાય છે તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો કચેરીનું લાગત દફતર દબાણ રજીસ્ટર વિગેરેની દફતરી તપાસણી આર.ટી.આઈ. એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ થી ઠરાવેલ ફી ભરપાઈ કરી જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી કરવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી એવી રજુઆત થયે અમલવારી કરવા એડીશનલ સીટી ઈજનેર અને જહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે. અરજદારે અપીલ અરજીમાં મુળ અરજીથી અલાયદી વીજીલન્સ તપાસ બાબતે કરેલી રજૂઆત અંગે અત્રેથી નં.૫૧૦ તા.૧૩–૮–૦૯ ના રોજ કાર્યવાહી અંગે અરજદારની જાણ હેઠળનો પત્ર પાઠવવામાં આવેલ છે. આ ઉપરાંત અરજદારે અપીલ અરજીમાં તેમની ચાર લારીઓ જે ભાડાની છે તે યોગ્ય પેનલ્ટી લઈ છોડી દેવાની રજૂઆત મુળ અરજીથી અલાયદી કરેલ છે જે અંગે કાર્યવાહી બાબતે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ –૦૯

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (લીંબાયતઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી કિરીટકુમાર એમ. શેઠ,